# પડછાયાના ખેલ

## લે. દુર્ગા ભાગવત, અનુ. અરુણા જાડેજા

સવારના નવદસ વાગ્યા છે. પૂર્વ તરફની બારીના કાચ દૂધિયા છે. બહાર બદામનું ઝાડ છે. તેનાં હલતાં પાંદડાં પેલા અર્ધપારદર્શક કાચમાં .......

સપનામાં આપણે ખૂબ વિચિત્ર વાતો જોઈએ છીએ. પણ મને થાય કે પડછાયાના ચક્રમ જેવા આ આકારોની બરાબરી એકેય સપના સાથે ન થાય. તેમાંયે આ આકારો હલતા રહેતા હોવાથી તેમની વિચિત્રતાનો પાર નથી. આ જુઓ, સાવ બેસી ગયેલા પેટવાળો, જાડી પૂંછડીવાળો, બે પગવાળો ઉંદર, ક્યારનો મોં ઉઘાડબંધ કરે છે. એની પાછળ ત્રણ શિંગડાંવાળું અને ખૂબ લાંબું, ઝીણકી પૂંછવાળું એક મોટું સસલું પોતાના જાડિયાપાડિયા હાથ વડે પેલા ઉંદરને પકડવા જાય છે. બેઉંના મોં ફરે છે, આગળપાછળ એક જ દિશામાં. પકડાયો ઉંદર સસલાના સકંજામાં. હવે એ ઉંદરનું મોટું હરણ થઈ ગયું, જાડાબટાક બે પગવાળું. પેલા સસલાનો રંગ આછો થઈ ગયો અને હવે એમાંથી એક વાળ કાપેલી, મોટીમસને જાડી છોકરી નીકળે છે. પેલું હરણ હવે એના પડખામાં ભરાય છે અને પછી વિચિત્ર પક્ષીઓ પાંખ ફફડાવવા લાગે છે. બીજા કાચમાંથી એક જ બાજુએ મોં ફેરવેલાં બે પક્ષીઓ દેખાય છે. એકનું મોં તો ગરદન સુધી લંબાયેલું, મોટું અને આખાય મોંમાં નાચતી આંખ જ દેખાય. પાંખ ખરી પણ પગ વડે કૂદકા મારે એવો બીજા પક્ષીનો આકાર છે. આ જુઓ, ધડ રીંછનું અને માથું બગલાનું હોય તેવું એક પ્રાણી, ઝાડની આડી ડાળી પર નાગની જેમ ગૂંચળું વળીને ઊભેલા લાંબા સાપને પોતાના પંજામાં પકડીને ચાંચ મારી રહ્યું છે.

ઉપરના ફકરામાં આવતો હોય તેવો પડછાયો દોરો. બાકીના પડછાયા તમારી નોટમાં દોરી નોટિસ બોર્ડ પર લગાવો.








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# ચિઠ્ઠી

હેલો કિરણ,

કોરોનાને કારણે ગત વર્ષે ના તો આપણે નિશાળે જઈ શક્યાં, ના કોઈને મળી શક્યાં.  અને  પર ભણવાની થોડા દિવસ મજા આવી પણ પછી તો રોજ બધાં  અને ફ્રેન્ડ્સ યાદ આવતાં હતાં.

જો કે ભણવાની સાથે સાથે મોબાઈલ પર જોઈ જોઈને મેં  અને  પણ કર્યાં. મેં ઘણાં ચિત્ર દોર્યાં, તેમાં  પૂર્યા, વાર્તાની ઘણી  વાંચી અને દાદા-દાદી પાસેથી વાર્તાઓ સાંભળી પણ ખરી. નીલમ અને હું રોજ  અને  રમતાં હતાં, પણ ઓસરીમાં જ. પપ્પા ક્યારેક  નો જાદુ શીખવાડે. મમ્મી વળી  રમાડે, અને હા, મેં  ચલાવતાં પણ શીખી લીધું. દાદાનાં ચશ્માંના કાચનો બિલોરી કાચ બનાવીને હું અને નીલમ તો , , , ,  એવું બધું ઝીણું ઝીણું જોઈએ છીએ. તે જોવાની બહુ મજા આવે. હવે તો હું મમ્મી-પપ્પાને  કામમાં ટેકોય કરું છું.

તારા નાં બધાં પણ  પહેરતાં હશે તથા સાબુથી  ધોતાં જ હશે. મારા દાદા-દાદી અને મમ્મી-પપ્પાએ  મૂકાવી લીધી છે.

તું પણ મને આવી રીતે મૅસેજ  મોકલજે.

- ઉપરના પત્ર ઉપરાંત નીચે જેવાં શબ્દો બનાવી પત્ર, નિબંધ, વાર્તા કે કવિતા લખો.

**મોર**બી, જુ**નાગ**ઢ, **વડ**નગર, **તારા**પુર, રાજ**કોટ**, **ગાંધી**નગર, **વીસ**નગર, **સો**મનાથ, **ગુજરાત**, પરી**ક્ષા**, **ચા**ચી, **સૂર્ય**કાંત, **ચંદ્ર**કાંત, વનરાજ**સિંહ**, **હિરા**બા, સમા**ચાર**, **નવ**સારી



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in